# મેઘરજના સીસોદરા ગામે પાણીની પાઈપ લાઈનનું કામ અધ્ધરતાલ

## ખુલ્લી લાઈનોથી અકસ્માતનો ભય : ઠેર ઠેર પાણી ભરાયા

મેઘરજ, તા. ૨૪

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકો અંતરીયાળ અને અતિ પછાત તાલુકો હોવાથી તાલુકાની પ્રજાને પાણી મળી રહે તે આશયથી સરકાર દ્વારા એસકે-૨ અને ૩ યોજના શરૂ કરવામાં આવી હતી પરંતુ મેઘરજના સીસોદરા(મે) ગામે કોન્ટ્રાક્ટર ધ્વારા પાણીના પાઈપ લાઈનની કામગીરી પુર્ણ ન કરાતા ખોદેલી પાઈપ લાઈનથી અકસ્મતનો ભય અને ખેડુતોને ખેતરમાં જવા આવવા માટે મોટી મુશ્કેલી સહન કરવાનો વારો આવતા ગ્રામજનોમાં તંત્રની



ગંભીર બેદરકારીથી ભારે રોષ ફેલાયો છે.

સીસોદરા(મે)ગામે એસકે-૩ યોજના અન્વયે ગામમાં પાણીની વ્યવસ્થા ઉભી કરવા માટે લાખો રૂપિયાનુ ટેન્ડર બહાર પાડવામાં આવ્યુ હતુ આ ટેન્ડર અન્વયે ગામમાં ઘર ઘર સુધી પાણીની પાઈપ લાઈન નાખી નળ કનેક્શન આપી પાણીની વ્યવસ્થા કરવાનુ પ્લાન એસ્ટીમેન્ટમાં નક્કી કરવામાં આવ્યુ હતુ પરંતુ કોન્ટ્રાક્ટરે પોતાની મનમાની કરી પાઈપ લાઈનનુ કામ એસ્ટીમેન્ટ મુજબ ન કરી આજદીન સુધી ગામના ૮૦ જેટલા મકાનો સુધી એસ.કે-૨ પાણીની પાઈપ લાઈન પણ પહોંચી નથી અને નળ કનેક્શન પણ મળ્યુ નથી ત્યારે સરકાર ધ્વારા ગામમાં પાણીની વિકાસ માટે ફળવાયેલા રૂપીયા નુ કોન્ટ્રાક્ટરે શૂ કર્યુ તે અંગે ગ્રામજનોમાં ઉગ્ર રોષ ફેલાયો છે અને આશ્રમથી ગામ તરફ જમીનમાં પાઈપ લાઈન નાખવા માટે લાઈન ખોદી છે પણ પાઈપ લાઈનો નાખવામાં આવી નથી અને છેલ્લા કેટલાય સમયથી ખોદેલી લાઈનો ખુલ્લી પડી રહી હોવાથી આજુબાજુના રહીશોના નાના બાળકોને સતત મોતનો ભય સતાવે છે તેમજ ખેડુતોને પણ ખોદેલી લાઈનથી ખેતરમાં આવવા જવા માટે ટ્રેક્ટર કે બળદગાડા પણ જઈ શકતા નથી અને ખોદેલી લાઈનનો કચરો જાહેર રસ્તા ઉપર નાખતા રસ્તા પર પણ ઠેર ઠેર પાણી ભરાતા કાદવ કીચડનુ સામ્રાજ્ય ફેલાયુ છે જેથી વાહન ચાલકોને પણ આવી ખુલ્લી લાઈનોથી સતત અકસ્માતનો ભય રહેલો જોવા મળે છે ત્યારે પાણી પુરવઠા ધ્વારા ગામમાં પાણીના વિકાસ માટેની અધુરી કામગીરી અંગે તપાસ કરવામાં આવે તેવી ગ્રામજનોમાં ઉગ્ર માંગ ઉઠી છે.

### ખેડૂતોના જણાવ્યા અનુસાર

પાણીની અધુરી પાઈપ લાઈન અંગે ખેડુતે જણાવ્યુ હતુકે છેલ્લા કેટલાય સમયથી પાઈપ લાઈન ખોદેલી અને ખુલ્લી છે જેનાથી અમારા ખેતરમાં ટ્રેક્ટર કે બળદગાડા પણ જઈ શકતા નથી અને આ અધુરી પાઈપ લાઈન પુર્ણ કરવા અને ખુલ્લી લાઈન પુરવા તંત્રને વારંવાર રજુઆત કરી છે પરંતુ આ ખુલ્લી લાઈનની સમસ્યાનુ નિરાકરણ આવ્યુ નથી અને જો સમસ્યાનુ તાકીદે નિરાકરણ ન આવેતો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી પણ ખેડુતોએ ઉચ્ચારી છે.

### સ્થાનિકો શું કહે છે

આ ખુલ્લી લાઈન અંગે બાજુમાં રહેતા રહીશોએ જણાવ્યુ હતુ કે છેલ્લા એક વર્ષથી જમીનમાં પાઈપ લાઈન માટે ખોદવામાં આવેલ લાઈન ખુલ્લી છે જેનાથી આ ખોદેલી લાઈનમાં અમારા નાના બાળકોને પડવાથી મોટી દુર્ઘટના સર્જાય શકે તેમ છે તેમજ આજુબાજુના ખેડુતોને પણ ખૌદેલી લાઈનથી ખેડુતનુ ટ્રેક્ટર કે બળદગાડુ પણ ખેતરમાં જઈ શકતુ નથી અને માટી રોડ પર હોવાથી જાહેર માર્ગ ઉપર પણ ઠેર ઠેર પાણી ભરાય છે જેથી પાઈપ લાઈનનુ કામ પુર્ણ કરવામાં આવે અથવા ખોદેલી પાઈપ લાઈન પુરી દેવામાં આવે તો મોટી દુર્ઘટના ટળી શકે તેમ છે.



**મેસના ભોજનની અયોગ્ય ગુણવત્તા બાબતે કોલવડા આયુર્વેદ કોલેજના વિદ્યાર્થીઓની હડતાલ**

ગાંધીનગરના કોલવડા ખાતેની સરકારી સ્ટેટ મોડેલ આયુર્વેદિક કોલેજ ખાતેની મેસમાં પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તા યોગ્ય ના હોવાના તથા મેસના સંચાલકોનો વ્યવહાર પણ વિદ્યાર્થીઓ સાથે યોગ્ય ના હોવાના આક્ષેપ સાથે કોલેજના ત્રણેય વર્ષના મળીને અંદાજે સવાસો જેટલા વિદ્યાર્થીઓ આજે હડતાલ પર ઉતર્યા હતા. આ વિદ્યાર્થીઓએ જો સાંજ સુધીમાં તેમના પ્રશ્નોનું નિરાકરણ નહી આવે તો અચોક્કસ મુદતની ભૂખ હડતાલ પર ઉતરવાની ચિમકી પણ ઉચ્ચારી હતી. કોલવડા ખાતેની સરકારી સ્ટેટ મોડેલ આયુર્વેદિક કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાત દિવસ અગાઉ મેસમાં પીરસવામાં આવતા ભોજનની ગુણવત્તા બાબતે કોલેજ સંચાલકોને લેખિત ફરિયાદ આપી હતી. આ ફરિયાદમાં વિદ્યાર્થીઓએ મેસ સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓ સાથે વ્યવહાર પણ યોગ્ય રીતે કરવામાં આવતો નથી તે બાબતનો પણ ઉલ્લેખ કર્યો હતો. વિદ્યાર્થીઓની લેખિત ફરિયાદ છતાં કોલેજ સંચાલકો દ્વારા કોઈ કાર્યવાહી કે પ્રતિભાવ પ્રાપ્ત ના થયો હોવાનું જણાવતા આજે સવારથી વિદ્યાર્થીઓ હડતાલ પર ઉતર્યા હતા અને કેમ્પસમાં સુત્રોચ્ચાર કર્યા હતા. આ સાથે વિદ્યાર્થીઓએ જો સત્વરે આ સમસ્યાનું નિરાકરણ નહી આવે તો ભૂખ હડતાલ પર ઉતરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

## હાથમતી નદીમાંથી જુગાર રમતા બે જુગારીઓ પકડાયા

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગરની હાથમતી નદીનો પટ છેલ્લા કેટલાક સમયથી અસામાજીક તત્વો માટે મોકળુ મેદાન બની રહ્યો છે. ત્યારે બી ડીવીજન પોલીસે રવિવારે બાતમીને આધારે નદીના પટમાં જઈને એક ખુલ્લી જગ્યામાં જુગાર રમતા જુગારીઓને ઘેરી લીધા હતા. જોકે પોલીસને જોઈ સાત પૈકી ચાર જુગારીઓ ભાગી ગયા હતા. તેમ છતાં પોલીસે બે જુગારીઓની અટકાયત કરી સાત વિરૂદ્ધ જુગારધારાની કલમ અંતર્ગત બી. ડીવીજન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે હાથમતી નદીના પટમાં ખુલ્લી જગ્યામાં કેટલાક જુગારીઓ હારજીત અને ગંજી પાનાનો જુગાર ખેલી રહ્યા હતા જેથી બી.ડીવીજન પોલીસે સ્ટાફ સાથે હાથમતી નદીના પટમાં જઈને તપાસ કરતા છ જણા જુગાર રમતા હોવાનું જણાવ્યું હતુ. જેથી પોલીસે તેમને ઘેરી લેવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ જુગાર રમતા હુસેન ઉર્ફે જગામામા શેખ તથા શફીમહમદ મકરાણી પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા.

# પાલનપુરના વાસણ(ઘા) ગામે ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા પોલીસને દેખાતા નથી

પાલનપુર, તા. ૨૪

પાલનપુર તાલુકાના વાસણા (ઘા) ગામે ખુલ્લેઆમ દારૂના અડ્ડા ચાલી રહ્યા છે. જે તાલુકા પોલીસને આવ્યા છે. જ્યાં બનાસકાંઠામાં જિલ્લા પોલીસવડાની ગેર હાજરીમાં પોલીસ દ્વારા દારૂના કેસો કરવામાં આવી રહ્યા છે. જોકે પાલનપુર અજાણ્યા શખ્સે મુકેલુ દારૂ ભરેલુ ડબલુ દેખાઈ આવ્યુ હતુ. જ્યાં દારૂ મુકનાર શખ્સને પકડવાને બદલે નિર્દોષ પરિવારની મહિલાનું નામ





દેખાતા નથી. પણ બે દિવસ અગાઉ ગામના એક પ્રતિષ્ઠિત વ્યક્તિના ખેતરમાં ઉભેલી બાજરીમાંથી અજાણ્યા શખ્સે મુકેલુ દારૂ ભરેલુ ડબલુ દેખાઈ આવ્યુ હતુ. જ્યાં દારૂ મુકનાર શખ્સને પકડવાને બદલે નિર્દોષ પરિવારની મહિલાનુ નામ લખી તેમના ઉપર કેસ કરવા જમાદાર તુલો થયો છે. ત્યારે આ મુદ્દે જો ન્યાય ન મળે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરી મહિલાએ માનહાનીનો દાવો કરવાની ચિમકી ઉચ્ચારી છે. રાજ્યમાંથી દારૂને દેશવટો આપવા પોલીસ મહાનિર્દેશક દ્વારા હુકમ કરવામાં તાલુકાના વાસણા (ઘા) ગામે ૫ થી ૬ દેશી-વિદેશી દારૂના અડ્ડા ખુલ્લેઆમ ચાલી રહ્યા છે. સાંજ પડે લથડીયા ખાતા દારૂડિયાઓ ગામમાં બિભત્સ શબ્દો બોલતા નીકળી પડે છે. બહેન દીકરીઓને જાહેરમાં નીકળવુ ભારે પડી જાય છે. અઠવાડિયામાં નહિ તો દર માસે તો બીટ જમાદાર આ ગામની મુલાકાતે અવશ્ય આવે છે. પરંતુ હપ્તાના હડમાલા વચ્ચે તેને અડ્ડા દેખાતા નથી.

પરંતુ બે દિવસ અગાઉ ગામના એક પ્રતિષ્ઠિત વ્યક્તિના ખેતરમાં ઉભેલી બાજરીમાંથી લખી તેમના ઉપર કેસ કરવા જમાદાર તુલો થયો છે. આ અંગે આ પરિવારની મહિલાએ જણાવ્યુ હતુ કે મારા પતિ સરકારી કર્મચારી છે. અમારા રહેણાંક મકાનથી દૂર આવેલા ખેતરમાં કોઈ શખ્સે બાજરીના વાવેતરમાં દેશી દારૂ મુક્યો હતો. તેની અમને જરા પણ જાણ નથી. પણ પોલીસ આ દારૂ મુકનાર વ્યક્તિને પકડવાના બદલે મારી ઉપર કેસ કરવા પોલીસ મથકે હાજર થવા જણાવી રહ્યો છે. ત્યારે આ મુદ્દે જો ન્યાય ન મળે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરી મહિલાએ માનહાનીનો દાવો કરવા જણાવ્યુ હતુ.





ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી ગાંધીનગર,કલેકટર કચરી ડિઝાસ્ટર શાખા સાબરકાંઠા,અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા સાબરકાંઠા જિલ્લાની ૧૨૨૦ શાળાઓના ૨૪૪૦ જેટલા ટીચરો ને ટીઓટી તાલીમ આપી તૈયાર કરવામાં આવ્યા છે શાળા સલામતી સપ્તાહ દરમિયાન આ ટીચરો શાળા કક્ષાએ એક અઠવાડિયા સુધી શાળાઓમાં વિવિધ કાર્યક્રમો થકી બાળકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ થશે,ટીઓટી તાલીમમાં મોકડ્રિલ. ફાયર ડેમો અને ૧૦૮ ડેમો દ્વારા ૧૫ જેટલા મુદ્દાઓની વ્યાપક સમજ આપવામાં આવી હતી. સમગ્ર તાલીમ કાર્યક્રમમાં આપદા મિત્રો અને તજજ્ઞ માસ્ટર ટ્રેઈનર દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા કક્ષાએથી ડીપીઓ ડિઝાસ્ટર કે બી પટેલ ના માર્ગદર્શન હેઠળ બીઆરસી કોડલ્નેટર અને ટીપીઓ ઘ્વારા સફળ આયોજન કરાયું હતું.સમગ તાલીમ દરમિયાન ય્જીઙ્ઘસ્છ દ્વારા શાળાઓને આપવામા આપવામાં આવેલા ચાર્ટ, પોસ્ટર, અને કેલેન્ડરો નો રિસોર્સ મટીરીયલ તરીકે ઉપયોગ કરવામા આવ્યો હતો.

## તાજપુરીની સીમમાં કુવામાંથી યુવતીનો મૃતદેહ મળ્યો

હિંમતનગર, તા. ૨૪

હિંમતનગર નજીક આવેલ કાટવાડ પાસેના તાજપુરી ગામની સીમના કૂવામાંથી એક ૨૨ વર્ષની યુવતીનો મૃતદેહ હિંમતનગર ફાયરબ્રિગેડે બહાર કાઢીને તેની ઓળખ કરાવી હતી. જે અંગે સંલગ્ન પોલીસ સ્ટેશનમાં જાણ કરાઈ હતી. આ અંગે નગરપાલિકાના ફાયરબ્રિગેડના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ બે દિવસ અગાઉ તાજપુરી ગામના શિલ્પાબેન ભીખાભાઈ ચમાર ઘરેથી ગુમ થયા બાદ પરીવારજનો દ્વારા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. દરમ્યાન સોમવારે તાજપુરી ગામની સીમમાં આવેલ અસલમ અબ્દુલભાઈ વિજાપુરના કૂવામાંથી એક મૃતદેહ પડ્યો હોવાની ખબર પડતા તે અંગે હિંમતનગર ફાયરબ્રિગેડને જાણ કરાયા બાદ ફાયરબ્રિગેડના જવાનોએ મૃતદેહને કૂવામાંથી બહાર કાઢી હતી. અને તે અંગે ઓળખ કરાતા શિલ્પાબેનના પરીવારજનોએ મૃતદેહને ઓળખી બતાવી હતી.

### ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠને

# વિવિધ પડતર માંગણીઓના ન્યાય માટે અરવલ્લી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

રાજ્યમાં આંગણવાડી માં ફરજબજાવતા મહિલા કર્મચારીઓએ તેમની વિવિધ પડતર માંગણીઓને લઈને સરકાર સામે અનેકવાર ઉગ્ર રજુઆતો અને હડતાલ પાડી વિરોધ પ્રદર્શન કરવા છતાં આંગણવાડી કર્મચારીઓની પડતર પ્રશ્નોની સમસ્યાઓને ઉકેલ ન આવતા ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન (જી.એ.કે.એસ) દ્વારા વિધાનસભામાં બજેટ રજૂ થનાર છે તે પહેલા અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ન્યાયની માંગ કરી હતી

સોમવારે અરવલ્લી જીલ્લા કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં એકઠા થઈ ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના નેજા હઠળ અરવલ્લી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું




આવેદનપત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંગણવાડી કર્મચારીઓને ૧ ઓક્ટોમ્બર-૨૦૧૮ થી પગાર વધારો આપવાનો જાહેરાત કરી છે



તો પગાર વધારો એરીયર્સ સાથે ચૂકવવામાં આવે, અન્ય રાજ્યોમાં પગાર જેટલો પગાર આપવામાં આવે,વય નિવૃતિ ૬૦ વર્ષ કરવામાં આવે, લેખાનુદાન બજેટમાં આંગણવાડી વર્કર માટેના રાજ્ય સરકારના ફાળામાં રૂ.૯૦૦/- તથા હેલ્પર રૂ.૩૦૦/- નો ઘટાડો કરેલ છે તેમાં વધારો કરવામાં આવે, આંગણવાડી કર્મચારીઓને અટકી પડેલ પ્રમોશન આપવામાં આવે, જિલ્લામાં ફેરબદલીના હુકમો, મીની આંગણવાડી ને પૂર્ણ આંગણવાડી બનાવવાની, બાળકોને અપાતા પોષણની માત્રા તથા ચુકવતામાં ભાવ વધારો કરવામાં આવે, સિલાઈ એલાઉન્સ ૩૦૦/- રૂપિયા કરો, ગેસના બાટલાના બીલો પૂરો ચૂકવો અને ગ્રિવન્સ કમિટીને તાકીદે સક્રિય કરો સહીત વિવિધ પડતર માંગણીઓનો ઝડપથી ઉકેલ કરવામાં આવે અને ન્યાયની માંગ કરી હતી.

### ધમાકેદાર એન્ટ્રી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ વર્ષે વરસાદના શુકન સારા થયા છે. વાયુ વાવાઝોડાની અસર હેઠળ દસેક દિવસ અગાઉ શહેરમાં એકાદ ઈંચ વરસાદ પડ્યો હતો. જોકે ત્યારબાદ આકરી ગરમી અને બફારાથી વસાહતીઓ ત્રાસી ગયા હતા. રવિવારે સવારથી જ ભયંકર બફારાએ વસાહતીઓને હેરાન-પરેશાન કરી મુક્યા હતા. બફારાથી ત્રાસેલા નગરજનો એરકુલર ચાલુ કરી રાત્રે નીદંરમાં સરી પડ્યા હતા ત્યારે અચાનક જ જોરદાર પવન અને વીજળીના કડાકા-ભડાકા શરૂ થતા વસાહતીઓ જાગી ગયા હતા. ઘણા વસાહતીઓ ગરમીના કારણે અગાસી પર કે આંગણામાં સુઈ ગયા હતા તેઓ પણ જાગી ગયા હતા અને ઘરમાં દોડી ગયા હતા. ખુલ્લામાં રહેલા શ્રમજીવીઓની હાલત કફોડી બની હતી. છાપરાઓ અને વરસાદથી બચવા માટે છાપરાઓ પર નાંખેલા પ્લાસ્ટીક શીટ તોફાની પવનના કારણે ઉડી ગયા હતા. તોફાની પવન સાથે જ ધોધમાર વરસાદ શરૂ થતાં ઝુંપડાવાસીઓને બસસ્ટેન્ડ કે અન્ય જાહેર સ્થળોએ આશરો લીધો હતો.

લગભગ એક કલાક સુધી તોફાની પવન સાથે વરસાદ વરસતો રહ્યો હતો. એકાદ કલાકમાં જ એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. એકાદ કલાક બાદ પવન બંધ રહ્યો હતો. જોકે વરસાદ ચાલુ રહ્યો હતો. લગભગ ત્રણ કલાક સુધી વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગના આંકડાઓ અનુસાર એક રાત દરમ્યાન જ ૫૫ મીમી. જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે વાતાવરમણાં ઠંડક છવાઈ ગઈ હતી. જોકે સવારે વરસાદ બંધ રહી જતાં થોડોક બફારો પુનઃ અનુભવાયો હતો.

### પેટાચૂંટણી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય ચૂંટણી પંચે આજે કરેલી જાહેરાત મુજબ આ પેટા ચૂંટણી અંગે ૧ જુલાઈના રોજ જાહેરનામુ પ્રસિદ્ધ થશે. આ સાથે જ આ પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પણ પ્રારંભ થશે. ૬ જુલાઈ સુધી આ ઉમેદવારી પત્રો ભરી શકાશે. ૮મી જુલાઈએ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. જ્યારે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ ૯મી જુલાઈ રહેશે.

મતદાન ૨૧ જુલાઈને રવિવારના રોજ યોજવામાં આવશે. મતદાન સવારે ૮ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ચાલશે. આ પેટા ચૂંટણીની મતગણતરી ૨૩મી જુલાઈના રોજ હાથ ધરાશે. જૂનાગઢ મનપાની સામાન્ય ચૂંટણી સાથે ગાંધીનગર મનપાની પેટા ચૂંટણી ઉપરાંત જિલ્લા પંચાયતની પાંચ બેઠકો તેમજ તાલુકા પંચાયતની ૫૪ બેઠકો જે ખાલી પડેલી છે તેની પણ પેટા-ચૂંટણી યોજવામાં આવશે. તા.પં. અને જિલ્લા પંચાયતની ખાલી પડેલી બેઠકો રાજીનામુ, પક્ષાંતર ધારામાં ગેરલાયક ઠરવાથી તેમજ સભ્યનું અવસાન થતાં ખાલી પડેલી બેઠકો હોવાનું ચૂંટણી પંચના સચિવ મહેશભાઈ જોશીએ જણાવ્યું હતું.

રાજ્ય ચૂંટણી પંચના કમિશ્નર સંજય પ્રસાદે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે આ સામાન્ય ચૂંટણી અને પેટા-ચૂંટણી ઈ.વી.એમ.થી જ યોજવામાં આવશે. પંચે આ અંગેની સંપૂર્ણ તૈયારીઓ કરી લીધી છે. તેમણે જણાવ્યુ હતુ કે આ ચૂંટણી અને પેટા-ચૂંટણીના દિવસો માટે આયોગ ખાતે કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવશે. સંજયપ્રસાદે જણાવ્યુ હતુ કે આ સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણીમાં મતદારો નિર્ભિક અને નિષ્પક્ષ રહી મતદાન કરી શકે તે માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે.

### ભુવા પડ્યા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નજીક પડેલ ભુવામાં ફસાઈ જતાં પશુપાલકોએ ભારે જહેમતને અંતે તેને બહાર કાઢી હતી. સે. ૨૭માં પણ ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા તેમજ શાળા નજીક ખાડાઓ પડી જતાં વાલીઓ ચિંતાતુર બન્યા છે.

નવા સેક્ટરોમાં પણ પાણી ભરાઈ જવા પામ્યા હતા. આ ઉપરાંત સેક્ટરોના બગીચાઓમાં પણ પાણીના ખાબોચિયા થઈ જવા પામ્યા હતા.

કલેક્ટર કચેરી નજીક ઘ-૪ થી મહાત્મા મંદિર તરફ જવાના રોડ પર પાણી ભરાઈ જવા પામ્યા હતા. પ્રથમ વરસાદમાં જ મનપાના તંત્રની પોલ ખુલી જવા પામી છે. માત્ર બે ઈંચ વરસાદને પગલે જ આ સ્થિતિ ઉભી થતાં તંત્ર આજે સતત દોડતુ રહ્યુ હતુ.

### ઓનલાઈન છેતરપીંડી...

● ત્રીજા પાનાનું ચાલુ

૯૯૦ ચુકવવા કુરિયર ડિલીવરી બોયે જણાવ્યું હતું. આથી કુસુમબેને તે નાણાં ચુકવી દીધા પછી કુરિયર ડિલીવરી બૉય ત્યાંથી તુરંત રવાના થઈ ગયો હતો અને કુસુમબેને પાર્સલ ખોલીને જોયુ તો તેમાં તેમણે જાહેરાતમાં જોઈ જે વસ્તુનો ઓર્ડર આપ્યો હતો તેના બદલે અલગ જ વસ્ત્ર તે પણ ગુણવત્તાની દ્દષ્ટિએ તદન ઉતરતી કક્ષાનું પ્રાપ્ત થયું હતું. આથી કુસુમબેને કંપનીના ફોન નંબર પર વાત કરવા પ્રયાસ કર્યો હતો પરંતુ ફોન સ્વીચ ઓફ જ દર્શાવાતો હતો. વળી ઓનલાઈન પર્ચેઝ રિટર્ન વારે પણ તેમને કોઈ ઓપ્શન મળ્યુ નહોતુ. આશ્ચર્ય સાથે તેમણે કરેલ ઓર્ડરની વિગત તથા તે પ્રોડક્ટ પણ કંપનીના જાહેરાત પેજ પરથી ગાયબ હતી. છેવટે કુસુમબેને આજે એક્સપ્રેસ બીઝ કુરિયરની સરગાસણ ચાર રસ્તા વિસ્તારમાં શરણ રેસિડેન્સી ખાતે આવેલ ઓફીસે રૂબરૂ જઈ તપાસ કરી હતી પરંતુ કુરિયર સર્વિસની ઓફિસે અંકિતભાઈ દ્વારા કંપની રિટર્ન પોલીસી મજુબ તેમને પ્રોડક્ટ રિટર્ન લેવાની પ્રોસેજર વગર તેઓ રિટર્ન લઈ શકે નહી તેવુ જણાવી વસ્તુ પરત લેવા અસમર્થતા દર્શાવી હતી. આથી કુસુમબેને તેમની સાથે છેતરપીંડી થયાનો અહેસાસ થયો હતો.

### ગંભીર કટોકટી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોકે, બેઠક બાદ પણ સમસ્યાનો કોઈ ઉકેલ આવી શક્યો ન હતો. આશરે ૧.૭ લાખ કર્મચારી ધરાવનાર કંપની કઈ રીતે પોતાને સંકટમાંથી બહાર કાઢી શકે છે તેને લઈને તમામ લોકો ચિંતાતુર દેખાઈ રહ્યા છે. ગયા સપ્તાહમાં પણ જાહેરક્ષેત્રની દુરસંચાર કંપનીએ સરકાર સમક્ષ કંપનીના ભાગ્ય અંગે ફેસલો કરવા માટે આગામી કાર્યવાહી સાથે સંબંધિત સલાહ માંગવા માટે પત્ર લખ્યો હતો. બીએસએનએલ સૌથી વધારે નુકસાન કરનાર ટોપ પીએસયુ પૈકી એક છે. કોટક ઈક્વિટિના અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. બીએસએનએલને ડિસેમ્બર-૨૦૧૮ અંત સુધી ૯૦૦૦૦ કરોડ રૂપિયાનુ નુકસાન સંચાલનમાં દેખાવાની ફરજ પડી હતી. કંપનીની સમક્ષ કર્મચારીઓના પગાર અને અન્ય તમામ લાભ એક મોટી સમસ્યા બની ગઈ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮માં રિટાયરમેન્ટ બેનિફિટ સહિત કર્મચારીઓ પર ખર્ચ બીએસએનએલના સંચાલન રેવેની પૈકી ૬૬ ટકા છે. જ્યારે નાણાંકીય વર્ષ ૨૦૦૬માં આ આંકડો ૨૧ ટકા હતો. આ પહેલા રવિવારના દિવસે બીએસએનએલના એન્જીનરો અને નિષ્ણાંતોની એક ટીમ દ્વારા વડાપ્રધાન સમક્ષ કંપનીમાં નવા પ્રાણ ફુકવા માટે દરમિયાનગીરી કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અપીલ કરી હતી.

### ગઠબંધન...

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી ગયો છે. માયાવતીએ આજે જાહેરાત કરી હતી કે સમાજવાદી પાર્ટીના વર્તનને જોઈને લાગી રહ્યુ હતુ કે બંને સાથે મળીને ભારતીય જનતા પાર્ટીને ભવિષ્યમાં હરાવી શકશે નહીં.હાલમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ જોરદાર સપાટો બોલાવ્યો હતો.બંને પાર્ટી વચ્ચે હાલમાં આક્ષેપ પ્રતિ આક્ષેપોનો દોર જારી રહ્યો હતો. હવે બંને પાર્ટી અલગ થઈ ગઈ છે. પહેલાથી જ આ અટકળો ચાલી રહી હતી.ભારે આશા સાથે ગઠબંધનની રચના કરવામાં આવી હતી. માયાવતીએ આજે સમાજવાદી પાર્ટી અને મુલાયમસિંહ યાદવ પર આકરા પ્રહાર કર્યા હતા. માયાવતીએ કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન કરવાની બાબત એક મોટી ભુલ હતી. જે પરિણામ ઈચ્છી રહ્યા હતા. એ પરિણામ આવી શક્યા નથી. સમાજવાદી પાર્ટીની નબળાઈના પરિણામસ્વરૂપે સફળતા હાથ લાગી નથી. ચૂંટણી પરિણામ બાદ અખિલશે તેમને ફોન કરીને કોઈ વાત પણ કરી નથી. માયાવતીએ આક્ષેપ કરતા એમ પણ કહ્યું હતું કે, મુલાયમે તેમને તાજ કોરિડોર મામલામાં ફસાવી દીધી હતી. માયાવતીએ રવિવારના દિવસે સમાજવાદી પાર્ટી સાથે ગઠબંદનને લઈને પાર્ટીના ધારાસભ્યો, સાંસદો અને વરિષ્ઠ નેતાઓ સાથે બેઠક યોજી હતી. માયાવતીએ કહ્યું હતું કે, સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન અંગેનો નિર્ણય ખુબ ઉતાવળમાં કરવામાં આવ્યો ન હતો. વ્યાપક વિચાર કરીને નિર્ણય લેવાયો હતો. પરંતુ પરિણામ જે ઈચ્છા હતા તે મળ્યા નથી.

### કરાર થશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટૉરપિડ અને રોકેટથી સજ્જ પી -૮ આઈ વિમાન પોતાના દુશ્મનની સબમરીનને ડિટેક્ટ કરી ખતમ કરી દે છે. ભારતે આ વિમાનો માટે વર્ષ ૨૦૦૯મા સોદો કર્યો હતો. નૌસેનાની પાસે આ સમયે આઠ વિમાનો એવા છે. બાકીના ચાર વિમાનો જુલાઈ ૨૦૨૧-૨૨ સુધી નૌસેનાને મળી જશે. નૌસેના ૧૨ કરતાં વધુ પી-૮ આઈ એરક્રાફ્ટ ખરીદવાની ઈચ્છા હતી પરંતુ અમેરિકાથી ૨.૫ અબજ ડૉલરના ૩૦ સશસ્ત્ર સી ગાર્ગીયન (પ્રિડેટર-બી) ડ્રોનની ખરીદી પછી ૧૦ વિમાનો માટે તે સહેમત થયું હતું. આમાંથી નૌસેના, વાયુસેના અને ભારતીય સેનાને ૧૦-૧૦ વિમાનો મળશે. ઈન હન્ટર-કીલર ડ્રૉન્સનો કેસ ડી.એ.સી. ની પાસે મોકલ્યો છે.

કટ્સા હેઠળ ભારતે અમેરિકન પ્રતિબંધોથી છૂટછાટ મળે છે કે નહીં તેની ખબર મંગળવારે પડશે જ્યારે અમેરિકાના વિદેશ સચિવ માઈક પોમ્પિયો ભારત આવશે.

## નિવિયા અને ડિઓડરન્ટ કેટેગરીમાં પોઝિશનને મજબૂત બનાવવાની ઈચ્છા ધરાવે છે

એક ઉચ્ચ કક્ષાની સભ્ય ટીમ સહિત જુર્ગન મોહાર્ડ કોન્સુલ જનરલ ઓફ ધ ફેડરલ રિપબ્લિક ઓફ જર્મની, શ્રીમતી ડી. યારા આઈએએસ, વાઈસ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર, જીઆઈડીસી, રેમન મિર્ટ - એક્ઝિક્યુટીવ બોર્ડ મેમ્બર, બાયર્સડોર્ફ એજી, પરમેશ્વરન એયર, પૂર્વ પ્રદેશની નજીક વી.પી. સપ્લાય ચેઈન, બાયર્સડોર્ફ સહીત તબક્કા ૨ વિસ્તરણના પ્રસંગે સહુ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સંબોધતા રેમન મિર્ટ, બાયર્સડોર્ફ એજીના એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્ય (ઉત્તર પૂર્વ અને અમેરિકાના પ્રદેશો) જણાવ્યુ હતુ કે, 'ભારતમાં સ્કિનકેર કેટેગરીમાં તેની ટોચની ૩ ને લીડરશીપ પોઝિશન્સ સાથે નિવિયા એ ઝડપી વૃદ્ધિ કરી છે, જે અમારા પોતાના ઉત્પાદન અને આર એન્ડ ડી દ્વારા કરવામાં આવી છે. ભારત બાયર્સડોર્ફ સૌથી ઝડપથી વિકસતા વિસ્તારોમાનુ એક છે અને તેણે સતત વૈશ્વિક સ્તરે પોર્ટફોલિયોમાં ડબલ આંકડાના વૃદ્ધિમાં ફાળો આપ્યો છે. અમને વિશ્વાસ છે કે આગામી ૩-૪ વર્ષમાં બ્રાન્ડને નેતૃત્વની સ્થિતિમાં મુકવામાં આવશે.